સાબરકાંઠામાં ઠંડીનું જોર વધ્યું

જિલ્લાવાસીઓ વધુ ઠંડી વેઠવા તૈયાર રહે : સવારે પડતી ગાઢ ધુમ્મસને લઈને દુર સુધી જોવામાં મુશ્કેલી

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ઉષ્ણતામાનનો પારો નીચે ગગડી જતાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. દરમ્યાન ગુરૂવારે પડેલી ઠંડી બુધવારની ઠંડી કરતા વધુ હોવાનો અહેસાસ થયો છે. જોકે આગામી એક અઠવાડીયા સુધી અત્યારે પડી રહેલી ઠંડીનું જોર યથાવત રહેવાની હવામાન વિભાગે કરેલી આગાહીને કારણે જિલ્લાવાસીઓને વધુ ઠંડી સહન કરવાની તૈયારી રાખવી પડશે.

સાબરકાંઠા જિલ્લામાં અત્યારે પોષ માસ ચાલી રહ્યો હોવાને કારણે લગ્નગાળો તથા અન્ય શુભ પ્રસંગો ધમધોકાર ચાલી રહ્યા છે તો બીજી તરફ બે દિવસથી જિલ્લામાં ઠંડીનું જોર એકદમ વધી ગયું છે. ઉત્તરાયણના બે દિવસ બાદ લોકોની અપેક્ષા મુજબ ઠંડી વધવાના અણસારને અનુરૂપ ગુરૂવારે બુધવાર કરતા લોકોને વધુ ઠંડી અનુભવવી પડી હતી. જોકે ગુરૂવારે સૂર્યોદય થતાની સાથે જ આકાશમાંથી ધુમ્મસ પડવાનું શરૂ થઈ ગયું હતું. જેને લઈને ઠંડી વધુ લાગતી હતી. સૂર્યોદય બાદ શરૂ થયેલી ઠંડીથી બચવા માટે લોકોએ ઘરમાં જ પુરાઈ રહેવાનુ મુનાસીબ માન્યુ હતુ.

હવામાન વિભાગના જણાવાયા મુજબ હિંમતનગરમાં ગુરૂવારે મહત્તમ તાપમાનનો પારો ૨૦ ડિગ્રી રહ્યો હતો. જ્યારે સવારના સુમારે ઠંડીને લીધે લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સેલ્સીયસ રહ્યુ છે. શુકવારે ઠંડી વધુ પડે તેવી શક્યતા છે. જેને લઈને સાબરકાંઠામાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી રહેવાની સંભાવના છે. ત્યારબાદ શનિવારે અને રવિવારે ઠંડીનું જોર યથાવત રહેવાની વકી છે.

એક તરફ ઠંડીને લીધે શિયાળુ પાકોને ખુબજ ફાયદો થઈ રહ્યો છે. ખેડૂતોનુ માનવુ છે કે આગામી ૧૫ દિવસ સુધી ઠંડીનું જોર અત્યારની જેમ યથાવત રહેશે તો તેનો મોટો ફાયદો ઘઉં તથા વરીયાળીને થઈ શકે તેમ છે. ઉલ્લેખનીય છે કે ઉત્તરાયણ બાદ દિવસ લાંબો અને રાત ટૂંકી થાય છે. ત્યારે ધીરે ધીરે સૂર્યના કિરણો જમીન પર સીધા પડવાની શરૂઆત થશે. જેના લીધે દિવસે ગરમી અને રાત્રે ઠંડી અનુભવાશે. તે ગાળા દરમ્યાન અનેક લોકોને બે ઋતુનો સામનો કરવો પડશે.

મોડાસાની ૧૭ વર્ષીય નિલાંશી પટેલે પોતાના જ લાંબા વાળનો તોડ્યો વર્લ્ડ રેકોર્ડ

૨૦૧૮માં ૧૭૦.૫ સેન્ટિમીટર હતો જે ૨૦૧૯માં ૧૯૦ સેન્ટિમીટર થતાં વિશ્વ રેકોર્ડ

મોડાસા, તા. ૧૬

મોડાસાની નિલાંશી પટેલ સૌથી આખા વિશ્વમાં સૌથી લાંબા વાળ ધરાવે છે. ૨૦૧૮માં ઈટલીના રોમ ખાતે ૧૭૦.૫ સે.મી લાંબા વાળ સાથે ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં અગાઉ નામ નોંધાયુ હતુ. ધો-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી આ

વિદ્યાર્થીનીએ સતત બીજા વર્ષે પોતાનો જ રેકોર્ડ તોડયો છે અને ૧૯૦ સે.મી. લાંબા વાળ સાથે સતત બીજા વર્ષે લોન્ગેસ્ટ હેયર ટીનેજરનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ૧૮ વર્ષથી નીચેની ઉંમરમાં આખા વિશ્વમાં સૌથી લાંબા વાળ નિલાંશી ધરાવે છે અને ગત વર્ષનો પોતાનો જ રેકોર્ડ તેણે તોડયો છે.

મોડાસા તાલુકાના સાયરાના શિક્ષક દંપતિ બ્રિજેશભાઈ પટેલ અને કામિનીબેનની દિકરીએ આ સિધ્ધી હાંસલ કરતાં સમગ્ર દેશનુ નામ રોશન કર્યુ છે. આ અગાઉ નિલાંશીએ પોતાના લાંબા વાળ માટે લિમ્કાબુકમાં નોધણી કરાવી હતી. હવે સતત બે વર્ષથી ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળી રહ્યુ છે. નાનપણથી જ સૌથી લાંબા વાળ રાખવાની તમન્ના ધરાવતી નિલાંશી હાલ ધોરણ ધો-૧૨ સાયન્સમાં અભ્યાસ કરે છે અને ભણવામાં પણ અવ્વલ છે. સાથે જ ટેબલ ટેનિસ અને તરણ સ્પર્ધાની કુશળ ખેલાડી છે. આમ તો રમતો દરમિયાન પોતાના વાળનુ ખાસ ધ્યાન રાખવુ પડતુ હોય છે ત્યારે નિલાંશી રમતની સાથે પોતાના માથાના વાળની પણ ખુબ જ કાળજી રાખે છે. નાનપણથી જ નિલાંશી અને તેના માતા-પિતાની ઈચ્છા હતી કે, વિશ્વમાં સૌથી મોટા વાળ રાખવાનો રેકોર્ડ પોતાના નામે કરવો છે. વાળની કાળજી રાખવાનુ શરૂ કર્યુ અને બે વખત ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યુ છે. ૨૦૧૮માં ૧૭૦ સે.મી લાંબાવાળ સાથે ઈટલીના રોમ ખાતે આ રેકોર્ડ સર્જાયો હતો અને આરજેન્ટીનાની ટીનેજર્સનો લાંબા વાળનો રેકોર્ડ નિલાંશીએ તોડયો હતો.

૧૮ વર્ષથી નીચેની ઉંમરે ૨૦૧૮ અને ૨૦૧૯ એમ સતત બે વર્ષ સુંધી પોતાનું નામ ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાવનાર નિલાંશી એક માત્ર ભારતીય છે. લાંબા વાળનો રેકોર્ડ દર વર્ષે અલગ અલગ દેશોના નામે હોય છે,પરંતુ લોન્ગેસ્ટ ઓફ હેયર ટીનેજર્સમાં નિલાંશીએ ભારતનો ડંકો વગાડયો છે. આગામી સમયમાં પણ સૌથી લાંબા વાળમાં તે વિશ્વમાં પ્રથમ રહેવા માગે છે.

નિલાંશી આઈઆઈટીમાં કારકિર્દી બનાવવામાં ધ્યાન આપી રહી છે

ધો-૧૨ સાયન્સ બાદ નિલાંશી આઈઆઈટી કોમ્પ્યુટર સાયન્સ કરવાની ઈચ્છા ધરાવે છે. મહિલાઓ અને યુવતીઓને સંદેશ આપવા માગે છે. લાંબા વાળ કોઈ મુશ્કેલી સર્જતા નથી. વાળ એ કુદરતી છે.તેની જેટલી માવજત કરીએ તેટલી ઓછી. આજકાલ ટૂંકા વાળ રાખવાની ફેશન છે નિલાંશી પટેલે જણાવ્યું હતું કે કોઈપણ જગ્યાએ તે જાય છે ત્યારે લોકો તેની સાથે સેલ્ફીઓ લેવા ઉત્સુક હોય છે. જેથી પોતે એક સેલિબ્રિટી જેવું અનુભવે છે.

કંથારીયામાં ઝઘડાની અદાવત રાખી હુમલો કરતા ફરીયાદ

હિંમતનગર, તા. ૧૬

વિજયનગર તાલુકાના કંથારીયા ગામે બુધવારે એક શખ્સે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને ગામના જ એક ઈસમ સાથે ઝઘડો કરી ઘર આગળ બાંધેલી બકરીનુ મોત નિપજાવી રૂ. ૨૦૦૦નુ નુકસાન થયાની ફરીયાદ વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

ગામના મગનભાઈ હિરાજી બલાતે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગામના જ રાજુભાઈ કાનજીભાઈ ખરાડી સાથે અગાઉ ઝઘડો થયો હતો. જે અંગેની અદાવત રાખીને રાજુભાઈ ખરાડીએ મગનભાઈ બલાત પર બુધવારે અચાનક હુમલો કરી કુહાડીના ફટકા મારવાનુ શરૂ કર્યુ હતુ. ઉપરાંત ગડદાપાટુનો માર મારી ગાળો બોલી અપમાનીત કર્યા હતા. રાજુભાઈ ખરાડીએ મગનભાઈ બલાતના ઘર આગળ બાંધેલ રૂ. ૨૦૦૦ની કિંમતની બકરી પર કુહાડીના ફટકા મારી મોત નિપજાવી નુકસાન પહોંચાડ્યું હતુ.

હિંમતનગર પાલિકા દ્વારા આજે સેવાસેતુનો કાર્યક્રમ યોજાશે

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગર નગરપાલિકા દ્વારા અત્યાર સુધી ત્રણથી વધુ વખત શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતા લોકોને જરૂરી દાખલાઓ તથા નગરપાલિકા કક્ષાની સેવાઓ ઘરઆંગણે મળી રહે તે માટે વિવિધ વિભાગોના કર્મચારીઓ અને અધિકારીઓના સહયોગથી સેવાસેતુના કાર્યક્રમનું સફળ આયોજન કરાઈ રહ્યુ છે ત્યારે હિંમતનગર પાલિકાએ વધુ એક સેવાસેતુ કાર્યક્રમ યોજવાનો નિર્ધાર કર્યો છે.

જે અંગે પાલિકા પ્રમુખ અનિરૂદ્ધભાઈ સોરઠીયા, કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન અમૃતભાઈ પુરોહિત તથા ચીફ ઓફીસર અલ્પેશભાઈ પટેલના જણાવાયા મુજબ તા. ૧૭ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ છાપરીયા વિસ્તારમાં આવેલ મમતા શિશુ વિકલાંગ બાલમંદિર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. જેમાં આ વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદોને આવક, મહેસુલી સેવાઓ, રેશનકાર્ડ, આધારકાર્ડ, મા અમૃતમ કાર્ડ સહીત આવકના દાખલાઓ સ્થળ પર કાઢી આપવામાં આવશે એમ એક યાદીમાં જણાવાયુ છે.

તલોદ ખાતે જિલ્લા સહકારી બેંકમાંથી છ લાખની ઉઠાંતરી

તલોદ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના તાલુકામથક તલોદનગર ખાતે આવેલ સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કમાં ગ્રાહકના સ્વાંગમાં ઘુસેલા ગઠીયા યુવાનો બેન્ક કર્મચારીઓની હાજરીમાં અંદરના ટેબલ ઉપરથી રૂ. ૬ લાખ જેટલી માતબર રકમ ઉઠાવી ગયાની ઘટનાએ તાલુકા અને જિલ્લામાં ચકચાર મચાવી છે. બેન્કના સબ એકાઉન્ટન્ટે રૂ. ૭ લાખ એટીએમમાં ભરવા માટે બહાર કાઢ્યા હતા. જે પૈકીના ૨૦૦૦ની મૂલ્યની નોટોના ૩ બંડલ તેઓ પોતાના ટેબલ ઉપર મુકી ૫૦૦ની નોટોના બંડલ ચેક કરવા બાજુમાં રહેલા મશીન તરફ વળ્યા ત્યારે જ, એક ગઠીયો આખુ કાઉન્ટર ક્રોસ કરી અંદર તેમના ટેબલ સુધી પહોંચી ગયો હતો અને કુલ રૂ. ૬ લાખના મૂલ્યની ૨૦૦૦ની નોટોના ૩ આખા બંડલ લઈને ઘટનાસ્થળેથી દોડીને રફુચક્કર થઈ ગયો હતો. ૧૧ વાગ્યાના સુમારે બેન્કમાં શિકાર માટે ઘુસેલા યુવાનોએ ૧૧.૧૪ મિનિટે શિકારને અંજામ આપીને 'લખપતિ' થઈ જવામાં સફળતા હાંસલ કરી હતી. ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે.

તલોદ બજારની મધ્યમાં નગરપાલિકાની પાછળના ભાગમાં સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કની શાખા વર્ષોથી કાર્યરત છે. આજે આ બેન્ક ખુલી ત્યારે વાસી ઉત્તરાયણ અથવા અન્ય અંગત કારણોસર બ્રાન્ચ મેનેજર સહિતના કેટલાક કર્મચારીઓ ગેરહાજર હતા. બેન્કનું કામકાજ શરૂ થયા બાદ

બેન્કમાં ગ્રાહકો પહોંચ્યા હતા. આ સમયે મનાય છે કે બે યુવા ઈસમ ગઠીયાએ પણ ઉઠાંતરી, તફડંચી કે ચોરી કરવાના ઈરાદે બેન્કમાં ઘુસ્યા હતા. જે પૈકીનો મુખ્ય આરોપી ઈસમ બેન્કની કોરી સ્લીપ લઈને બેઠક જમાવી જાણે કે શિકાર માટે 'રેકી' કરી રહ્યો હતો. દરમ્યાન બેન્કના સબ એકાઉન્ટન્ટ પંકજભાઈ દેસાઈએ બેન્કના એટીએમમાં ભરવા રૂ. ૭ લાખની કેશ કાઢી હતી. જેમાં ૨૦૦૦ની નોટોના ૩ બંડલ હતા અને ૧ રીંગ રૂ. ૫૦૦ની નોટોની હતી. પંકજભાઈ રૂપિયા ૨૦૦ની નોટોના ૩ બંડલ ટેબલ ઉપર મુકીને ૫૦૦ની નોટોની રીંગની ગણતરી કરવા બાજુના મશીન તરફ ગયા હતા. બસ કર્મચારીની આ નાની ગફલત શિકારી યુવાનો માટે જાણે કે સફળ શિકાર કરવા શુકનીયાળ બની હતી. બેન્કમાં ઘુસેલા યુવાનો પૈકીનો આખી બાંયનુ ટીશર્ટ પહેરેલો અંદાજીત ૨૨ વર્ષનો યુવાન બેન્કનુ આખુ કાઉન્ટર વટાવીને કર્મચારીના ટેબલ સુધી પહોંચી ગયો હતો. જેણે પળવારમાં જ રૂ. ૬ લાખના મૂલ્યના ૨૦૦૦ની નોટોના ૩ બંડલ ઉઠાવી લીધા હતા. અને ઘટના સ્થળ છોડી ફરાર થઈ ગયો હતો. જેને શોધવા બેન્ક કર્મચારીઓએ દોડધામ મચાવી મુકી હતી પરંતુ સફળતા સાંપડી ન હતી.

ઘટનાની જાણ લગભગ બે કલાક બાદ તલોદ પોલીસને કરતા જ પો.સ.ઈન્સ. જી.એસ.સ્વામી કુમક સાથે બેન્ક ખાતે દોડી પહોંચ્યા હતા.જયાં બેન્કના ડિરેક્ટર કલ્પેશભાઈ પટેલ તથા અન્યકર્મચારીઓ પણ પહોંચી ગયા હતા. ઘટનામાં ૨ યુવાનો હોવાનું જણાયુ હતુ પરંતુ સીસીટીવી ફુટેજ આધારે પોલીસના અનુમાન મુજબ ઘટનામાં ૩ યુવાનો સામેલ હતા. જેઓની શોધખોળ માટે પોલીસે એડીચોટીનું જોર લગાવ્યુ છે.

સાબરકાંઠા બેન્ક તલોદ બ્રાન્ચના સબ એકાઉન્ટન્ટ પંકજભાઈ રઘજીભાઈ દેસાઈએ તલોદ પોલીસ દફતરે નોંધાવેલ ઉક્ત ઘટનાની તપાસ તલોદ પો.સ.ઈન્સ. જી.એસ. સ્વામી ચલાવી રહ્યા છે. સાબરકાંઠા બેન્કના ચિફ એક્ઝીક્યુટીવ એચ.પી. નાયકે ઘટના સ્થળ એવી તલોદ બ્રાન્ચની મુલાકાત લઈ ઘટનાની સમીક્ષા કરી હતી. દિન દહાડે તલોદ બજારની બેન્કમાંથી રૂ. ૬ લાખ જેટલી માતબર રકમ કથિત બેન્ક કર્મચારીની ગફલતને કારણે ગઠીયા ઈસમો ઉઠાવી જઈને 'નવ દો ગ્યારહ' કરી જતાં ભારે ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરની સંસ્થા દ્વારા ગરીબ બાળકોને મફત શિક્ષણ આપવાનો સંકલ્પ

રવિવારે ઝુંપડપટ્ટીના બાળકોને સભ્યાસ કરાવાયો

પાલનપુરમાં સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી નિમીતે નવ સર્જન ફાઉન્ડેશન અને એજ્યુકેશન એકેડેમી પરફેક્ટ પાલનપુર દ્વારા એક નવતર અભિગમ અપનાવી ગરીબ બાળકોને વિનામુલ્યે શિક્ષણ આપવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો.જેથી રવિવારે પાલનપુર ડીસા હાઈવે ઉપર આવેલ ઝુંપડ પટ્ટીના ગરીબ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષકોના માધ્યમથી શિક્ષણના પાઠ ભણાવવામાં આવ્યા હતા.

ગુજરાતમાં દિન પ્રતિ દિન શિક્ષણનું સ્તર ઉંચુ જાય છે. આજના હરીફાય યુગમાં સુખી ઘરના બાળકોને તેમના પરીવાર તગડી ફી આપી સારૂ અને ગુણવત્તા યુક્ત શિક્ષકો પાસે ટ્યુશન કરાવી સારી ટકાવારી મેળવવામાં મદદ રૂપ થતા હોય છે.પરંતુ ગરબી અને ઝુંપડ પટ્ટીમાં રહેતા લોકોને બે ટંકના ભોજન માટે પણ મહેનત મજુરી કરવી પડતી

હોય છે.તો સારી શાળામાં બાળકો ભણાવવા તો દુરની વાત છે.તેમજ સરકારી શાળામાં ભણાવવા માટે પણ ભારે તકલીફનો સામનો કરવો પડતો હોય છે. જેથી પાલનપુરની સેવા ભાવિ સંસ્થા નવ સર્જન ફાઉન્ડેશન અને એજ્યુકેશન એકેડેમીની પરફેક્ટ પાલનપુરના સાગરભાઈ જાની સહીતના સંચાલકોને વિચાર આવ્યો કે રવિવારની રજાના સમયમાં ગરીબ બાળકોને શિક્ષણ પુરૂ પાડીએ. સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતીના દિવસે તેમના વિચારોને સાર્થક કરવા ભગીરથ કાર્ય શરૂ કરી પાલનપુર ડીસા હાઈવે ઉપર આવેલ ઝુંપડ પટ્ટીના ગરબ બાળકોને અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

પાલનપુરની સોસાયટીમાં ચાર મકાનોને નિશાન બનાવતાં તસ્કરો

રોકડ રકમ, સોના- ચાંદીના દાગીના સહિત કુલ રૂ. ૧.૭૯ લાખના મુદ્દામાલની ચોરી

પાલનપુર ખાતે આબુ હાઈવે નજીક આવેલી ભીમરાવનગર સોસાયટીમાં મંગળવારે રાત્રે ત્રાટકેલા તસ્કરોએ ચાર મકાનોના તાળા તોડ્યા હતા. જે પૈકી એક મકાનમાંથી રોકડ રકમ, સોના- ચાંદીના દાગીના સહિત કુલ રૂપિયા ૧.૭૯ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરમાં શિયાળાની ઠંડીનો લાભ લઈ તસ્કરો એક પછી એક ચોરીની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે. જ્યાં આબુ હાઈવે નજીક આવેલી ભીમરાવનગર સોસાયટીમાં રહેતા મુળ પાલનપુર તાલુકાના કુંભાસણના મનોજકુમાર અંબાલાલ ગેલોતર તેમના પરિવાર સાથે તેમની સાસરી અમીરગઢ તાલુકાના જેથી ગામે ગયા હતા. તે દરમિયાન અજાણ્યા શખ્સોએ તેમના મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. જ્યાં પડેલી તિજોરીનું લોક તોડી અંદરથી રૂપિયા ૪૦,૦૦૦ની સોનાની જુમર, રૂપિયા ૨૨,૦૦૦ની વિંટી, રૂપિયા ૧૮,૦૦૦ની બે વિંટી, રૂપિયા ૩૫,૦૦૦નું કડું, રૂપિયા ૭,૦૦૦ની ચાંદીની તોડીઓ, રૂપિયા ૧૫,૦૦૦ ના ચાંદીના છડા, રૂપિયા ૧૦,૦૦૦ની ઘડીયાળ અને રોકડ રૂપિયા ૩૨,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૭૯,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી. આ ઉપરાંત સોસાયટીમાં રહેતા વરૂણકુમાર રમેશચંદ્ર પરમાર, શિલ્પેશકુમાર નટવરલાલ સુતરીયા, કિંજલબેન જયંતિભાઈ સુતરીયાના મકાનોના તાળા પણ તોડ્યા હતા. આ અંગે મનોજભાઈએ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે અજાણ્યા શખ્સો સામે ગૂનો નોંધી તેમનું પગેરૂ શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પાલનપુરમાં ગૌ ભક્તો દ્વારા ગાય માટે દાન ઉઘરાવાયુ

પાલનપુર

પાલનપુર ગૌ ભક્તો દ્વારા ઉતરાયણના દિવસે ગાયો માટે દાન એકત્ર કરવામાં આવ્યુ હતુ.જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો જાડાયા હતા.

ઉતરાયણના દિવસે પાલનપુર ગૌ સેવા ભક્ત પરેશભાઈ પ્રજાપતિની ટીમ દ્વારા છેલ્લા નવ વર્ષથી ગાય માટે દાન ઉગરાવવામાં આવી રહ્યુ છે.જેમાં પ્રથમ બે થી ચાર કાર્યકરો દાન ઉગરાવવામાં જાડાયા હતા.પરંતુ આજે વધુ યુવાનો આ ભગીરથ કાર્યમાં જાડાઈ શહેરના હનુમાન ટેકરી,ગુરૂ નનક ચોક,સહીતના વિસ્તારમાં ઉભા રહી ગાયની સારવાર અને રક્ષણ માટે દાન એકત્ર કરવામાં આવ્યુ હતુ.

મોડાસાની ઈવા હોસ્પિટલમાં મહિલાએ ૩ બાળકોને જન્મ આપ્યો

બાળસખા યોજના અંતર્ગત સારવાર

મોડાસા, તા. ૧૬

મેઘરજ તાલુકાના પીસાલ ગામની મહિલાને પ્રસુતાની પીડા ઉપડતા મોડાસાની ખાનગી ઈવા હોસ્પિટલમાં પ્રસુતિ માટે ખસેડાતા ડૉ.મૌલિક ગાંધીએ ગાયત્રીબેન શનાભાઈ મકવાણા નામની મહિલા અને ગર્ભમાં રહેલ ટ્રિપ્લેટ બાળકોની સ્થિતિને અનુલક્ષીને તાત્કાલિક ઓપરેશન કરી પ્રસુતિ કરાવતા બે બાળકી અને એક બાળકને જન્મ આપ્યો છે.

ટ્રિપ્લેટ બાળકો જન્મ સમયે થોડા કમજોર હોવાથી ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ ડૉ.એમ.એ.ખાલકે લોટસ પી.આઈ.સી.યુ એન્ડ એન.આઈ.સી.યુ હોસ્પિટલમાં બાળસખા યોજના અંતર્ગત સતત ૧૦ દિવસ સુધી સઘન સારવાર આપી ત્રણે બાળકોની તબિયત સારી થતા રજા આપવામાં આવી હતી શ્રમિક પરિવારમાં આનંદ છવાયો હતો.

અંબાજીમાં ઉતરાયણ નિમિત્તે અંબાજી મંદિરને પતંગોથી શણગારાયુ

શક્તિ ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે શક્તિપીઠ અંબાજી ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પર અરાવલી પહાડોમાં સરસ્વતી નદીના કિનારે આવેલ છે અંબાજી મંદિર પર ૩૫૮ સૂવર્ણ કળશ લાગેલા હોઈ મંદિર ગોલ્ડન ટેમ્પલ તરીકે જગવિખ્યાત છે. ઉતરાયણ ના દિવસે અંબાજી મંદિરને રંગબેરંગી પતંગોથી શણગારવામાં આવ્યું હતું.સાથે નૃત્ય મંડપ અને ગર્ભગૃહ સહિતના વિવિધ ભાગો ને પતંગો થી શણગારવામાં આવ્યું હતું.અંબાજી મંદિરમાં માતાજીના દર્શન કરવા આવતા ભક્તોએ માતાજીના મંદિરમાં રંગબેરંગી પતંગો જોઈ ખૂશ થઈ ગયા હતા અંબાજી મંદિરમાં આ વખતે અંદાજે ૨૦૧ પતંગોથી મંદિરનું ગર્ભગૃહને શણગારવામાં આવ્યું હતું.ઉતરાયણના દિવસે અંબાજી મંદિરમાં માઈ ભક્તોની સાથે અંબાજીની જનતા પણ દર્શન કર્યા હતા.